# Day to Day Current Affairs
## September – 2015

### ❖ ૫ સપ્ટેમ્બર, ૨૦૧૫ (શનિવાર)

### 1) ૫ સપ્ટેમ્બર :– શિક્ષક દિન

- દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એસ. રાધાકૃષ્ણનની યાદમાં દર વર્ષે તેમના જન્મ દિને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે.
- આ વર્ષે શિક્ષક દિનની પૂર્વ સંધ્યાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એસ. રાધાકૃષ્ણનની સ્મૃતિમાં રૂા. ૧૨૫ અને રૂા. ૧૦ ના સિકકા જારી કર્યા હતા.

### 2) નેશનલ હ્યુમિનિટિ એવોર્ડ – ૨૦૧૪ :–

- ભારતીય મૂળની લેખિકા ઝૂમ્પા લાહિરીને આ એવોર્ડથી સન્માનીત કરવામાં આવશે.
- હ્યુમન સ્ટોરીને પ્રોત્સાન આપવા માટે તેમને ૧૦ સપ્ટેમ્બરના રોજ અમેરિકી પ્રમુખ ઓબામા સન્માનિત કરશે.

### 3) કલામના નામથી ઓળખાશે વ્હિલર આઈલેન્ડ :–

- ઓડિશાના પ્રખ્યાત વ્હીલર આઈલેન્ડ હવે 'કલામ ટાપુ'ના નામથી ઓળખાશે.
- ઓડિશા સરકારે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. કલામને શ્રધ્ધાંજલી આપવા આ નિર્ણય કર્યો હતો.
- ઓડિશાના ભૂવનેશ્વરથી અંદાજે ૧૫૦ કિ.મી. દુર બંગાળની ખાડીમાં સ્થિત આ ટાપુને કલામ તેમનો 'થિયેટર ઓફ એકશન' કહયો હતો.
- તેમણે આ ટાપુ પરથી અનેક વખત મિસાઈલોનું પરિક્ષણ કર્યુ હતુ.
- આ ટાપુ પર માત્ર જહાજ મારફત જ પહોંચી શકાય છે.

### 4) રાષ્ટ્રીય પોષણ સપ્તાહ :–

- ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા તા. ૧ – ૭ સપ્ટેમ્બર, ૨૦૧૫ ને રાષ્ટ્રીય પોષણ સપ્તાહ તરીકે ઉજવવામાં આવ્યું.

### 5) કેરળના ક્રિકેટ સ્ટેડિયમને સચિન તેંડુલકરનું નામ અપાશે.

- તાજેતરમાં કેરળ ક્રિકેટ એસોસિએશન દ્વારા પોતાના એક ક્રિકેટ સ્ટેડીયમનું નામ ભારત રત્ન સચિન તેંડુલકરના નામ પર રાખવાની જાહેરાત કરી.

Vivekanand Academy, Gandhinagar